


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 294
Dt.: 30-08-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ૩૨૦ કિમીની સ્પિડથી દોડશે

## જાપાન ભારતને આપશે એડવાંસ બુલેટ ટ્રેન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાન પહોંચ્યા તો બુલેટ ટ્રેનની વાત ફરી એક વાર પાટા પર આવી છે. આ તો બધા જાણે છે કે દેશની પહેલી બુલેટ ટ્રેન જાપાનની મદદથી તૈયાર થઈ રહી છે. પણ પીએમ મોદીએ અહીં બાજી મારી લીધી છે. હાલની ડીલ અંતર્ગત જાપાને અપડેટેડ અને એડવાન્સ્ડ બુલેટ ટ્રેન આપવા પર સહમતિ વ્યક્ત કરી છે. જાપાને હવે નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજીથી સજ્જ E10 શિંકેનસન બુલેટ ટ્રેન આપવાની વાત કહી છે. આ સહમતિ પીએમ મોદીની જાપાન યાત્રા દરમિયાન બની છે. આ દરમિયાન મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના ભાડાનો પણ ખુલાસો થયો છે.

જાપાન સાથે આ નવો તાલમેલ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને વધારે ગતિ આપશે. ૫૦૮ કિમી લાંબા આ પ્રોજેક્ટ પર વર્ષ ૨૦૧૭માં શરૂ થયો હતો. જાપાનના તત્કાલીન પીએમ શિંઝો આબે અને પીએમ મોદીએ મળીને આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. તેનું પહેલું સેક્શન વર્ષ ૨૦૨૭ સુધીમાં તૈયાર થઈ જશે. જ્યારે અમદાવાદથી મુંબઈ સુધીનો આખો રૂટ ૨૦૨૮ સુધીમાં શરૂ થવાનું અનુમાન છે. બુલેટ ટ્રેન ૫૦૮ કિમીનું આ અંતર ખાલી ૨ કલાક ૭ મિનિટમાં પૂરું કરી લેશે.

ભારતીય રેલ મંત્રાલયે થોડા સમય પહેલા જણાવ્યું હતું કે જાપાનની શિંકેનસન રેલવે સિસ્ટમ હાલમાં ઈ૫ બુલેટ ટ્રેન ચલાવે છે. જાપાનની નેક્સ્ટ જનરેશન બુલેટ ટ્રેન E10 છે, જેને હવે ભારતને પણ આપવા માટે રાજી થઈ ગયા છે.

માનવામાં આવે છે કે આ અપગ્રેડેડ અને એડવાન્સ્ડ ટેકનિકવાળી બુલેટ ટ્રેનને મુંબઈ-અમદાવાદ રૂટ પર ચલાવવામાં આવશે. આ ટ્રેનની

### મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને વધારે ગતિ મળશે

ખાસિયત પર એક નજર નાખીએ કે આખરે તેમાં એવી કઈ ખાસ ટેકનિક છે.બુલેટ ટ્રેનને ૨૫૦ કિમી પ્રતિ કલાકની સ્પીડથી ચલાવવા માટે ડિઝાઈન કરવામાં આવે છે. જેના માટે ડેડિકેટેડ ટ્રેકની જરૂર હોય છે. ભારતના હાઈ સ્પીડ રેલ નેટવર્ક પણ બીજા દેશોની બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેવા જ છે. તેમાં ફ્રાન્સ, ચીન, સાઉથ કોરિયા, ટર્કી, સ્પેન, જર્મની, નેધરલેન્ડ, બેલ્જિયમ અને ઈટલી સામેલ છે. ભારતે પહેલા ફ્રાંસ પાસેથી જ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર મદદ કરવા માટે સંપર્ક કર્યો હતો. પણ તેમણે ના પાડ્યા બાદ જાપાન આગળ આવ્યું. ભારતે પહેલા ઈ૫ સીરીઝની બુલેટ ટ્રેનોની ખરીદવાનો પ્લાન બનાવ્યો હતો, જેને હવે અપગ્રેડ કરી E10 કરી દીધું છે. E10 બુલેટ ટ્રેનમાં એડવાંસ્ડ ટેકનિક સાથે ખાસ ડિઝાઈનનો પણ ઉપયોગ થાય છે. જાપાને E10 સિરીઝની નેક્સ્ટ જનરેશન બુલેટ ટ્રેનને સકૂરા એટલે કે ચેરી બ્લોસમ ફૂલના આકારમાં ડિઝાઈન કરી છે. આ ટ્રેન ભૂકંપ વિરોધી પણ હશે. તેને L આકારમાં કંટ્રોલ કરવા માટે બનાવી છે. જેનાથી તે ક્યારેય ડિરેલ નહીં થાય. હાઈ સ્પીડ છતાં તેમાં ઝટકા નહીં લાગે. ભારતને મળનારી બુલેટ ટ્રેનમાં લગેજ માટે વધારે જગ્યા પણ હશે અને વ્હીલચેર ઉપયોગ કરનારા લોકો માટે તેમાં ખાસ ડિઝાઈન બનાવી છે.



### ટેરિફ વૉર વચ્ચે ભારતે અમેરિકાને મેસેજ મોકલ્યો

## પહેલા ૨૫ ટકા ટેરિફ હટાવો ત્યારે જ કોઈ ડીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી વેપાર વાટાઘાટો ફરી એક વાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. ટ્રમ્પની દબાણની રણનીતિ સામે ભારત નમવા તૈયાર નથી. ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી અમેરિકા ૨૫% વધારાનો ટેક્સ હટાવશે નહીં, ત્યાં સુધી કોઈ વાતચીત થશે નહીં. મીડિયા રિપોર્ટ્સ મુજબ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકી પ્રતિનિધિમંડળ ૨૫ ઓગસ્ટના રોજ નવી દિલ્હી આવીને વાતચીત ચાલુ રાખવાનું હતું, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક આ કાર્યક્રમ રોકી દીધો. ટ્રમ્પે ભારત દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદવાને મોટો અવરોધ ગણાવ્યો અને કહ્યું કે જ્યાં સુધી આ મુદ્દો ઉકેલાય નહીં, ત્યાં સુધી કોઈ વેપાર કરાર શક્ય નથી.

અધિકારીએ કહ્યું કે, સરકાર અમેરિકા સાથે વાતચીત કરી રહી છે અને માત્ર ૨૫ ઓગસ્ટના રોજ થનારી વાટાઘાટોનો રાઉન્ડ મોકૂફ રાખવામાં આવ્યો છે. અમે હાલમાં વેપાર કરાર પર વાતચીત કરી રહ્યા નથી, પરંતુ વાતચીત હજુ ચાલુ છે. કરાર પર વાતચીત કરવા માટે, પહેલા વધારાના ૨૫% ટેક્સ પર વિચાર કરવો પડશે. કારણ કે જો આપણે વેપાર કરાર કરીએ અને વધારાનો ટેક્સ હજુ પણ લાગુ હોય, તો તે આપણા નિકાસકારો માટે કોઈ મહત્ત્વનો રહેશે નહીં.

ટ્રમ્પે ૬ ઓગસ્ટે જાહેરાત કરી હતી કે રશિયા પાસેથી ભારતના ક્રૂડ ઓઈલની આયાત પર ૨૫% વધારાનો ટેક્સ લાદવામાં આવશે. ભારતનું આ પગલું અમેરિકી હિતોની વિરુદ્ધ છે અને તેનાથી બંને દેશો વચ્ચે સંતુલિત વેપાર કરારની શક્યતાઓ પર અસર પડી છે.

ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા ઘણા વર્ષોથી વ્યાપક વેપાર કરાર માટે પ્રયાસો થઈ રહ્યા છે. ઘણા રાઉન્ડની વાટાઘાટોમાં કૃષિ, ઈન્ફર્મેશન ટેકનોલોજી, દવાઓ અને ઉર્જા ક્ષેત્ર સાથે સંબંધિત મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. જોકે, મોટાભાગે ટેક્સ અને આયાત-નિકાસની શરતો પર અસંમતિને કારણે કરાર અટકી ગયો છે. ૨૦૧૯માં પણ બંને દેશો વચ્ચે ટેક્સ વિવાદ વધી ગયો હતો, જ્યારે અમેરિકાએ ભારતને જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીસ (GSP)ની યાદીમાંથી બહાર કરી દીધું હતું. આ પછી, ભારતે પણ અમેરિકન ઉત્પાદનો પર વળતો ટેક્સ લગાવ્યો હતો.

### પંજાબની ભાષા પણ પાડોશી દેશ જેવી છે, તો શું....

## બંગાળી મુસ્લિમોને બાંગ્લાદેશ મોકલવાની અરજી પર સુપ્રીમ કોર્ટની કેન્દ્રને ટકોર

**બાંગ્લા ભાષા બોલનારા લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાની સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં બંગાળી ભાષા બોલનારાઓની ધરપકડ કરીને તેમને બાંગ્લાદેશ મોકલવા સામેની અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને જવાબ દાખલ કરવા કહ્યું છે. હવે આ કેસની સુનાવણી ૧૧ સપ્ટેમ્બરે થશે. આ અરજી પશ્ચિમ બંગાળ માઈગ્રન્ટ વર્કર્સ વેલફેર બોર્ડ અને તેના પ્રમુખ સમીરુલ ઈસ્લામ દ્વારા દાખલ કરવામાં આવી છે. જણાવી દઈએ કે, સમીરુલ ઈસ્લામ તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ પણ છે. અરજદાર વતી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યું કે, યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના ભાષાના આધારે મુસ્લિમ લોકોને અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે અને દેશમાંથી હાંકી કાઢવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ દલીલનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, કેટલાક દ્વર્ઈ અને રાજ્ય સરકારો ગેરકાયદેસર ઘૂસણખોરોને ટેકો આપે છે. તેમની વાત સાંભળવી ન જોઈએ.

મહેતાએ દલીલ કરી હતી કે, જો કોઈ વ્યક્તિ સરકારની કાર્યવાહીથી હેરાન થાય છે, તો તે સુપ્રીમ કોર્ટમાં આવી શકે છે. અરજી દાખલ કરનાર સંગઠને આવા લોકોને કોર્ટમાં આવવામાં મદદ કરવી જોઈએ. જોકે, તે પોતે અરજી દાખલ કરી શકતા નથી. મહેતાએ કહ્યું કે, ઘૂસણખોરીનું આખું નેટવર્ક ચાલી રહ્યું છે. દેશને સુરક્ષિત બનાવવો અને નાગરિકોના અધિકારોને ઘુસણખોરો સુધી પહોંચતા અટકાવવાનું સરકારનું કર્તવ્ય છે. આના જવાબમાં ભૂષણે કહ્યું કે, સરકાર બંગાળી મુસ્લિમોને ડરાવવાનું કામ કરી રહી છે.

બે વકીલો વચ્ચેની આ અથડામણ બાદ કોર્ટે કહ્યું કે, સરકારે અરજી પર જવાબ દાખલ કરવો જોઈએ. આ કેસની સુનાવણી ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ પંચોલીની બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. ન્યાયાધીશ સૂર્યકાંતે લોકોને અટકાયતમાં રાખવા સંબંધિત પ્રક્રિયા વિશે માહિતી માંગી હતી. ન્યાયાધીશ બાગચીએ કહ્યું કે, પંજાબ અને બંગાળની ભાષા અને સંસ્કૃતિ પડોશી દેશો સાથે મેળ ખાય છે, તેથી સરકાર માટે આ આરોપનો જવાબ આપવો જરૂરી છે કે, લોકોને ફક્ત બંગાળી બોલવાને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

સુનાવણી દરમિયાન પ્રશાંત ભૂષણે કહ્યું કે, માત્ર શંકાના આધારે હજારો લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. નાગરિકતાની પુષ્ટિ કર્યા વિના કે, બાંગ્લાદેશ સરકાર સાથે વાત કર્યા વિના, BSF તે લોકોને બળજબરીથી સરહદની બીજી બાજુ મોકલી રહ્યું છે. આ અગાઉ ૧૪ ઓગસ્ટે કોર્ટે આ કેસમાં કેન્દ્ર સરકાર અને ૯ રાજ્યોને નોટિસ ફટકારી હતી. શુક્રવારે કોર્ટે ગુજરાતને પણ આ કેસમાં પક્ષકાર બનાવ્યું હતું.

### 'ડેટા એક્સેસ'ના નવા નિયમ જાહેર

## વાહન રજિસ્ટ્રેશન, ડ્રાઈવિંગ લાયસન્સ, ચાલાન સંબંધિત નવા નિયમ જાહેર

**સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, ડેટાબેઝનાં રેકોર્ડમાં સામેલ નાગરિકોની ગોપનીયતાને અંતિસંવેદનશીલ રીતે જાળવવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે વાહન રજિસ્ટ્રેશન, ડ્રાઈવિંગ લાયસન્સ, ચાલાન, રોડ અકસ્માતો સંબંધીત ડિજિટલ ડેટાબેઝને લઈને નવા નિયમ જાહેર કર્યા છે. આ ડેટાબેઝનું નામ 'નેશનલ ટ્રાન્સપોર્ટ રિપોઝિટરી' (NTR) છે, જેમાં વાહનવ્યવહાર સંબંધીત તમામ પ્રકારના રેકોર્ડ રાખવામાં આવે છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા આ મહિનાની શરૂઆતમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નવા નિયમ એટલે કે 'NTRથી ડેટા શેરિંગની નીતિ' પણ મોકલી દીધી છે.

વાહનવ્યવહાર ક્ષેત્રે ભારત સરકાર દ્વારા અમલમાં મુકાયેલી પાંચ મુખ્ય ડિજિટલ સેવાઓ વાહન, સારથી, ઈ-ચાલાન, eDAR (ઈલેક્ટ્રોનિક એક્સિડન્ટ રિપોર્ટ) અને ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન FASTag જેવા પ્લેટફોર્મ્સનો તમામ ડેટા ડેટાબેઝ NTRમાં સામેલ છે. આ ડેટાબેઝમાં ૩૯ કરોડથી વધુ વાહનોના રજિસ્ટ્રેશન નંબર સહિતની માહિતી, ૨૨ કરોડથી વધુ ડ્રાઈવિંગ લાયસન્સના રેકોર્ડ છે. આમ જોતા તેને દેશનો સૌથી મોટો સરકારી ડેટાબેઝ માની શકાય છે.

સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, ડેટાબેઝનાં રેકોર્ડમાં સામેલ નાગરિકોની ગોપનીયતાને અંતિસંવેદનશીલ રીતે જાળવવામાં આવશે. આ નિયમો ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ ૨૦૨૩ અને મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ મુજબ હશે. દરેક વ્યક્તિને માત્ર તેના કાર્ય સાથે સંબંધિત ડેટા જ મળશે અને જ્યાં જરૂર હશે ત્યાં નાગરિકની સંમતિ ફરજિયાત રહેશે. મંત્રાલયે ભારપૂર્વક કહ્યું છે કે દરેક ટ્રાન્ઝેક્શનમાં સુરક્ષા અને ગોપનીયતાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવામાં આવશે.

નવી નીતિ મુજબ, પોલીસ અને તપાસ એજન્સીઓને સમગ્ર ડેટાબેઝની સંપૂર્ણ પહોંચ મળશે. રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો તેમના પોતાના ક્ષેત્રનો ડેટા જોઈ શકશે. સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓને માત્ર નામ વગરનો ડેટા આપવામાં આવશે. જ્યારે સામાન્ય નાગરિકો એમપરિવહન અને ડિજીલોકર જેવી એપ્સ પર દિવસમાં ફક્ત ત્રણ વખત જ ચકાસણી કરી શકશે. વીમા કંપનીઓ, બેંકો અને અન્ય ખાનગી સેવાઓને તેમની ભૂમિકા અનુસાર ડેટાની પહોંચ મળશે, પરંતુ આ માટે કડક સુરક્ષા નિયમોનું પાલન કરવું પડશે.

ડેટા શેરિંગ માટે સૌથી સુરક્ષિત પદ્ધતિ API-આધારિત એક્સેસ છે, જેમાં ઓથેન્ટિકેશન, એન્ક્રિપ્શન અને IP વ્હાઈટલિસ્ટિંગ જેવી સુવિધાઓ હશે. સરકારી વિભાગોને આધાર-વેરિફાઈડ પોર્ટલ દ્વારા ડેટા મળશે, જ્યારે ખાનગી કંપનીઓને નાગરિકની સંમતિના આધારે મળશે. મોટા પાયે ડેટા ટ્રાન્સફર ફક્ત ખાસ કિસ્સાઓમાં જ અને તે પણ સુરક્ષિત રીતે કરાશે.

### જળપ્રલયમાં અનેક વાહનો વહી ગયા, ૬ ગુમ

## બાબા કેદારનાથના રુદ્રપ્રયાગમાં આભ ફાટતાં ભારે તબાહી

**રુદ્રપ્રયાગ જિલ્લામાં છ લોકો ગુમ થયા છે : અલકનંદા અને મંદાકિની નદીઓના સંગમ પર પાણીનું સ્તર સતત વધી રહ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદૂન

ઉત્તરાખંડમાં અનેક સ્થળો પર અવિરત વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન ચમોલી જિલ્લામાં ભૂસ્ખલન થતાં એક પરિવારના બે સભ્યો ગુમ થયા છે.

જ્યારે બાબા કેદારનાથના રુદ્રપ્રયાગ જિલ્લાના બાસુકેદારમાં વાદળ ફાટતા ભારે તબાહી મચી છે. આ દરમિયાન અનેક લોકો ગુમ થયા હોવાની આશંકા છે.

અહેવાલ અનુસાર, રુદ્રપ્રયાગ જિલ્લામાં છ લોકો ગુમ થયા છે. અલકનંદા અને મંદાકિની નદીઓના સંગમ પર પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ ઘટનાઓમાં કેટલાક પરિવારોના લોકો ફસાયેલા હોવા અંગે દુઃખ વ્યકત કર્યું છે. અહેવાલો અનુસાર, ચમોલી, રુદ્રપ્રયાગ અને ટિહરી જિલ્લામાં મોડી રાતથી ભારે વરસાદ પડી રહ્યો છે. ચમોલી જિલ્લાના મોપાટા ગામમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનથી કેટલાક ઘરો ધસી પડ્યા હતા. ચમોલી જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. સંદીપ તિવારીએ જણાવ્યું હતું કે, 'મોપાટામાં ભૂસ્ખલનથી એક ઘર અને ગૌશાળામાં રહેતા એક દંપતી ઘર ધરાશાયી થતા દબાઈ ગયા હતા.' રુદ્રપ્રયાગમાં મુશળધાર વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. મોડી રાતથી વરસાદને કારણે, ગૌરીકુંડ રુદ્રપ્રયાગ ઋષિકેશ બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઘણી જગ્યાએ બંધ થઈ ગયો છે, જ્યારે નદીઓનું પાણીનું સ્તર ભયના નિશાનથી ઉપર વધી રહ્યું છે. ઘણી જગ્યાએ ભૂસ્ખલનને કારણે કાટમાળ રસ્તા પર આવી ગયો છે. ઘણા વાહનો ફસાઈ ગયા છે. મુશળધાર વરસાદને કારણે ઘણી જગ્યાએ લોકો પોતાના ઘર છોડીને ચાલ્યા ગયા છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું- 'રુદ્રપ્રયાગ જિલ્લાના બાસુકેદાર વિસ્તાર હેઠળના બડેથ ડુંગર તોક અને ચમોલી જિલ્લાના દેવલ વિસ્તારમાં વાદળ ફાટવાના કારણે કાટમાળમાં કેટલાક પરિવારો ફસાયા હોવાના દુઃખદ સમાચાર મળ્યા છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવ કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે, હું આ સંદર્ભમાં અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છું, આપત્તિ સચિવ અને જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે વાત કરી છે અને બચાવ કામગીરી અસરકારક રીતે હાથ ધરવા માટે જરૂરી સૂચનાઓ આપી છે. હું દરેકની સલામતી માટે બાબા કેદારને પ્રાર્થના કરું છું.'




# તંત્રી લેખ......

## ઝેલેન્સ્કીને ભારતનું આમંત્રણ

રશિયા અને યુક્રેનના સતત લંબાતા જતા જંગને શાંત કરવા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આકાશ-પાતાળ એક કરી રહ્યાનો દેખાવ કરી રહ્યા છે તેવા સંજોગોમાં ભારત સરકારે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કીને નવી દિલ્હી આવવાનું ઈજન આપીને આ જટિલ મામલાને ઉકેલવામાં સહાયભૂત થવાના દુનિયાને સંકેત આપ્યા છે. ભારતના રશિયા સાથે સારા સંબંધ રહ્યા છે અને યુક્રેનની સાથે સંવાદ સફળ થાય તો શાંતિનો માર્ગ મોકળો બની શકે તેમ છે. એક તરફ ટ્રમ્પ ભારતની સામે ટેરિફનું દબાણ ઊભું કરવા રશિયા સાથેના સંબંધો અને તેનાથી તેને યુક્રેન સાથેના જંગમાં મદદ મળતી હોવાનાં કારણ આગળ ધરીને આ જંગમાં શાંતિનો માર્ગ ભારતના માર્ગેથી શક્ય હોવાના દાવા કરતા રહે છે. અમેરિકાના રાષ્ટ્રપતિના દાવા અને દલીલમાં તથ્ય હોતું નથી, પણ એક વાત નક્કી છે કે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ જંગમાં શાંતિ માટે સંવાદની હિમાયત કરતા રહ્યા છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં મોદીએ યુક્રેનની મુલાકાત લીધી હતી અને આમ કરનારા તેઓ પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા હતા. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે અમેરિકાના રાષ્ટ્રપપતિ તરીકે બીજી વખત સત્તા સંભાળી ત્યારથી તેઓ યુક્રેનમાં શાંતિ માટે પ્રયાસ કરતા રહ્યા છે, પણ તેમણે હોદ્દો સભાંળ્યો તે સમયની અને હાલની સ્થિતિ ભારે બદલી છે. ટ્રમ્પ તો આ જંગનો તત્કાળ અંત ઈચ્છે છે, પણ તેમની કોઈ સ્પષ્ટ રાજદ્વારી વ્યૂહરચનાનો અભાવ સતત સામે આવતો રહ્યો છે. તેઓ ચોતરફ પોતાની વગ અને શક્તિનું વરવું પ્રદર્શન કરીને તમામને ડરાવવાનો પ્રયાસ કરતા રહ્યા છે, પણ તેમના આ ઉતાવળા અને અધકચરાં પગલાંને લીધે શાંતિ હજી મૃગજળ બની રહી છે. તાજેતરમાં ટ્રમ્પે પુતિન અને ઝેલેન્સ્કી સાથે અલગ-અલગ શિખર મંત્રણાઓ કરી છે. હવે તેઓ ત્રિપક્ષીય વાટાઘાટો માટે તૈયારી કરી રહ્યા છે, પણ આ જંગમાં યુક્રેનને યુરોપના શક્તિશાળી દેશોનો ટેકો છે તો રશિયા પોતે એટલી તાકાત ધરાવે છે કે, તે અમેરિકાના કોઈ દબાણને દાદ આપે તેમ નથી. આવામાં યુદ્ધના સ્પષ્ટ વિરોધ અને કોઈ પણ પક્ષની તરફેણ ન કરવાનું ભારતનું વલણ શાંતિની શોધમાં મદદરૂપ થઈ શકે છે. એક તરફ રશિયા તેના ગમા-અણગામા અંગે ભારત સાથે મુક્ત મને ચર્ચા અને બાંધછોડ કરી શકે છે, તો બીજી તરફ યુક્રેનને ટેકો આપતા યુરોપના દેશો સાથે ભારતના ગાઢ સંબંધ ઝેલેન્સ્કીને વાસ્તવિક સ્થિતિ ગળે ઉતારવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. આવા સંજોગોમાં ઝેલેન્સ્કી ભારત આવે અને આવીને હકારાત્મક રીતે આગળ વધવાની સંમતિ વ્યક્ત કરે એવા સંજોગોને નકારી શકાય તેમ નથી. આમ થાય તો યુક્રેનના જંગમાં શાંતિ માટે દુનિયાની અપેક્ષાને ફળીભૂત કરવામાં ભારત ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે તેમ છે. જોવાનું એ રહેશે કે યુક્રેન કેવું વલણ લેશે અને ટ્રમ્પ યશ ખાટવાના પોતાના પ્રયાસોમાં તેને અંતરાયરૂપ ગણે છે કે નહીં.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદા ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યા: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૪ની તેજી

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૨૦૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૭૩૬૬૧ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૬૭૧૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૯૦૧ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૯૩૮૬૪.૬૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૨૦૨.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૭૩૬૬૧.૭૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૩૯૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૩૦.૫૭ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૬૭૧૧.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૨૧૪૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૨૮૧૩ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૧૦૨૦૬૯ના સ્તરે બોલાઈ, રૂ.૧૦૨૧૦૦ના આગલા બંધ સામે રૂ.૫૪૫ના ઉછાળા સાથે રૂ.૧૦૨૬૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૨૮ ઊછળી રૂ.૮૨૪૭૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૨ વધી રૂ.૧૦૨૭૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૪ની તેજી સાથે રૂ.૧૦૧૯૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૭૬૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૨૧૫૩ અને નીચામાં રૂ.૧૦૧૪૬૯ના મથાળે અથડાઈ, રૂ.૧૦૧૪૩૪ના આગલા બંધ સામે રૂ.૪૬૨ વધી રૂ.૧૦૧૮૯૬ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૬૮૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૭૮૨૫ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૧૧૬૮૫૦ના સ્તર સુધી જઈ, રૂ.૧૧૭૧૭૪ના આગલા બંધ સામે રૂ.૧૫૧ વધી રૂ.૧૧૭૩૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૭૯૮ ઘટી રૂ.૧૧૮૦૪૮ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૦૩૦ વધી રૂ.૧૨૦૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૯૧૭.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૭૭ અને નીચામાં રૂ.૪૦૬૨ના મથાળે અથડાઈ, રૂ.૧૧ ઘટી રૂ.૪૦૬૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૬૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૯૪ અને નીચામાં રૂ.૫૬૨૭ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૧૯ના આગલા બંધ સામે રૂ.૬૪ વધી રૂ.૫૬૮૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬૬ વધી રૂ.૫૬૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૨ વધી રૂ.૨૬૨.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૩ વધી રૂ.૨૬૨.૭ના ભાવે બોલાયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૫૪ના ભાવે ખૂલી, રૂ.૧.૪ વધી રૂ.૯૫૮ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૭૫૦ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૨૭૫૦ના સ્તરે સ્થિર હતો. કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૦૯૦.૨૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫૬૨૧.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૭૮૬.૦૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૫.૦૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૭.૦૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૭.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૭૨.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૩૪.૧૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૯.૨૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૭૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૭૭૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૭૨૬૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૮૮૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૦૬૫૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૪૭૦૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૦૫૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૬૧૩૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૩૬૨૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૭૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩૮૯૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૮૧૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૩૮૨૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૯૨૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૭૭૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦૭ પોઈન્ટ વધી ૨૩૯૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૪ વધી રૂ.૧૫૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા વધી રૂ.૧૬.૨ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪.૫ વધી રૂ.૭૩.૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪.૫ વધી રૂ.૨૩૯૯ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૪૬ વધી રૂ.૧૧.૫ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૪ વધી રૂ.૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૦.૫ ઘટી રૂ.૧૨૪.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૦ પૈસા ઘટી રૂ.૧૩.૮ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૫ ઘટી રૂ.૩૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૪.૫ ઘટી રૂ.૧૨૭૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૭૨ ઘટી રૂ.૭.૪૪ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૪ ઘટી રૂ.૧.૮ના ભાવે બોલાયો હતો.

### જળાશયોમાં પાણીનો ભરપૂર સંગ્રહ થતા તંત્ર એલર્ટ; પૂરની ચેતવણી

# સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ: મોજ-આજી ડેમ સહિત ૧૦ ડેમ છલકાયા

**દ્વારકાના ૧૨માંથી ૮, જામનગરના ૨૦માંથી ૭, મોરબીના ૧૦માંથી ૧, સુરેન્દ્રનગરના ૧૧માંથી ૨ અને રાજકોટના ૨૭માંથી ૧૦ ડેમ ઓવરફ્લો થયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદને કારણે જળાશયો અને ડેમો છલકાવા લાગ્યા છે. દ્વારકા, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જળસંચયની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. નાયબ કાર્યપાલ ઈજનેર જયદિપ લાવડિયાએ જણાવ્યું કે, આ પાંચેય જિલ્લાના ડેમોનું ફલડ કંટ્રોલ રાજકોટથી સંચાલિત થાય છે. ભારે વરસાદના પગલે અનેક ડેમ ઓવરફ્લો થઈ ગયા છે, જેનાથી પાણીની ઉપલબ્ધતા વધી છે, પરંતુ તંત્રને પૂરની સંભાવના સામે સતર્ક રહેવું પડી રહ્યું છે.દ્વારકા જિલ્લામાં કુલ ૧૨ ડેમમાંથી ૮ ડેમ છલકાઈ ગયા છે, જેના કારણે ગ્રામીણ વિસ્તારોમાં પાણીનો વહેવાટ વધ્યો છે. જામનગર જિલ્લામાં ૨૦ ડેમમાંથી ૭ ડેમ ઓવરફ્લો થયા છે, જેની અસર સ્થાનિક વિસ્તારોમાં જોવા મળી રહી છે. મોરબી જિલ્લામાં ૧૦ ડેમમાંથી ૧ ડેમ સંપૂર્ણ રીતે છલકાયો છે, જ્યારે ૩ ડેમ ૭૦ ટકાથી વધુ ક્ષમતાએ ભરાયા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૧ ડેમમાંથી ૨ ડેમ ઓવરફ્લો થયા છે અને ૬ ડેમ ૭૦ ટકાથી વધુ ભરાયેલા છે. રાજકોટ જિલ્લામાં કુલ ૨૭ ડેમમાંથી ૧૦ ડેમ ઓવરફ્લો થયા છે, જ્યારે ૭ ડેમ ૮૦ ટકાથી વધુ ભરાયેલા છે.

રાજકોટમાંથી હવે સીધી માલસામાન ડિલિવરી શક્ય, હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કાર્ગો સેવા શરૂ; ચાંદી અને જ્વેલરી ઉદ્યોગને થશે મોટો ફાયદો

રાજકોટ જિલ્લાના કલેક્ટરે જણાવ્યું કે, જિલ્લાના અનેક મહત્વના જળાશયો ૧૦૦ ટકા ક્ષમતાએ ભરાઈ ગયા છે. આમાં મોજ ડેમ, આજી-૩ ડેમ, સોડવદર ડેમ, ન્યારી-૨ ડેમ, લાલપરી તળાવ અને માલગઢ ડેમનો સમાવેશ થાય છે. આ ડેમોમાં વરસાદી પાણીનો પૂરેપૂરો સંગ્રહ થતાં ખેડૂતો અને શહેરવાસીઓ માટે પાણીની કટોકટી દૂર થવાની આશા વધી છે. આ સ્થિતિ ખેતી અને પીવાના પાણીની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થશે.

જયદિપ લાવડિયાએ સ્પષ્ટ કર્યું કે જો આગામી દિવસોમાં વધુ વરસાદ પડશે તો ઓવરફ્લો થયેલા ડેમોના ગેટ ઓપરેશનની તૈયારી રાખવામાં આવી છે. પાણી છોડવાની પ્રક્રિયા તંત્રની જાણકારી અને પરિસ્થિતિ અનુસાર કરવામાં આવશે. નિચાણવાળા વિસ્તારોમાં પૂરની સંભાવનાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા પૂર્વ એલર્ટ આપવામાં આવશે, જેથી કોઈ મુશ્કેલી સર્જાય નહીં. લોકોને નદી-નાળા પાસે ભેગા ન થવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં તંત્રનો તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે. સૌરાષ્ટ્રના ડેમોમાં ભરાયેલું પાણી ખેતી અને પીવાના પાણીની ચિંતાઓ દૂર કરવામાં મદદરૂપ થશે. જોકે, ઓવરફ્લોની સ્થિતિને કારણે તંત્રને સતર્ક રહેવું પડી રહ્યું છે. વધુ વરસાદના કિસ્સામાં ડેમોના ગેટ ખોલવા અને પાણી છોડવાની પરિસ્થિતિ સર્જાઈ શકે છે. તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, અને લોકોને સુરક્ષિત રહેવા માટે એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે.

### ૩ દિવસમાં ૧૬૦ વિદ્યાર્થીના LC લેવાયા

# સેવેન્થ ડે સ્કૂલમાં વાલીઓ પોતાના બાળકોની સુરક્ષાને લઈને ચિંતિત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સેવેન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા બાદ વાલીઓ પોતાના બાળકોની સુરક્ષાને લઈને ખૂબ ચિંતિત છે. ઘણા વાલીઓએ તાત્કાલિક ધોરણે તેમના બાળકોને આ સ્કૂલમાંથી બહાર કાઢવાનો નિર્ણય લીધો છે. મળતી માહિતી મુજબ, છેલ્લા ૩ દિવસમાં જ ૧૬૦ વિદ્યાર્થીઓએ સ્કૂલ છોડી દીધી છે અને તેમના લીવિંગ સર્ટિફિકેટ (LC) લઈ લેવામાં આવ્યા છે. આ સંખ્યા સતત વધી રહી છે. અત્યાર સુધીમાં ૨૫૦ જેટલા વાલીઓએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. વાલીઓની ચિંતા અને બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ પણ સક્રિય બન્યું છે. જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) ના જણાવ્યા મુજબ, ચાર અધિકારીઓની એક ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ વાલીઓને તેમના બાળકોનું અન્ય શાળાઓમાં એડમિશન કરાવવામાં મદદ કરી રહી છે. અત્યાર સુધીમાં ૧૬૦ વિદ્યાર્થીઓના એડમિશન અન્ય શાળાઓમાં કન્ફર્મ થઈ ગયા છે. આ પગલું વાલીઓને મોટી રાહત આપી રહ્યું છે, કારણ કે તેમની સૌથી મોટી ચિંતા તેમના બાળકોના શિક્ષણની છે.

આ ઘટના બાદ સ્કૂલને બંધ કરી દેવામાં આવી છે અને ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. DEO ના કહેવા પ્રમાણે, આ અનિશ્ચિતતા પણ વાલીઓની ચિંતાનું એક મુખ્ય કારણ છે. વાલીઓને ડર છે કે સ્કૂલની આ પરિસ્થિતિને કારણે તેમના બાળકોનું શિક્ષણ બગડી શકે છે. હાલની સ્થિતિ જોતાં, સેવેન્થ ડે સ્કૂલ માટે ફરીથી વાલીઓનો વિશ્વાસ જીતવો એક મોટો પડકાર બની રહેશે.

### દરેક કુંડ,પંડાલની બે વખત સફાઈ કરાશે

# અમદાવાદમાં આઠ કરોડના ખર્ચે ૪૯ ગણેશમૂર્તિ વિસર્જન કુંડ તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

બુધવારથી ગણેશોત્સવના આરંભની સાથે અમદાવાદના વિવિધ ૪૦ સ્થળોએ રૂપિયા આઠ કરોડના ખર્ચે ૪૯ ગણેશ મૂર્તિ વિસર્જન કુંડ તૈયાર કરાયા છે. ગણેશ મૂર્તિ વિસર્જન માટે બનાવાયેલા દરેક કુંડ અને પંડાલની કોર્પોરેશન દ્વારા બે વખત સફાઈ કરાશે. કયા કુંડ કે પંડાલમાં કઈ સાઈઝની કેટલી મૂર્તિ વિસર્જન માટે આવી તેની પણ રજિસ્ટરમાં નોંધ કરાશે. મૂર્તિઓના વિસર્જનના કારણે કુંડની આસપાસ જમા થતા કચરાને અલગ અલગ એકઠો કરવા પુરતા પ્રમાણમાં સ્ટીકર લગાવેલા ડસ્ટબીન અને બેરલ મુકાશે. ફાયર વિભાગ તરફથી પાંચ ટીમ અલગ અલગ કુંડ-પંડાલ ખાતે ફરજ બજાવશે.

ગણેશ ચતુર્થીથી અનંત ચતુર્દશી સુધી શહેરના અલગ અલગ વિસ્તારમાં શ્રીજીના ભકતો દ્વારા શ્રીજીની મૂર્તિની સ્થાપના કરી તેનુ ભકિતભાવપૂર્વક વિસર્જન કરવામાં આવે છે.ભાવિકો એક દિવસ, ત્રણ દિવસ,પાંચ દિવસથી લઈ દસ દિવસ સુધી પણ ભગવાન ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરી પૂજન અર્ચન કર્યા પછી વિસર્જન કરતા હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૪૦ સ્થળોએ ૪૯ જેટલા ગણેશ મૂર્તિ વિસર્જન માટેના કુંડ તૈયાર કરવામાં આવ્યા છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહયુ,એક કુંડ પાછળ અંદાજે રૂપિયા ૧૫ લાખનો ખર્ચ કરાયો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# બનાસકાંઠાના દિયોદરમાં એક જ પરિવારના ૪ સભ્યોએ કર્યો સામૂહિક આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠાના દિયોદરમાં સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે, જેમાં એક જ પરિવારના ૪ સભ્યોએ સામૂહિક આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે, ગોદા નજીક કેનાલમાં ચાર લોકોએ સામૂહિક આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે, મહિલા, પુરુષ અને બે બાળકોએ મોતની છલાંગ લગાવીને આપઘાત કર્યો છે, સ્થાનિક તરવૈયાઓ દ્વારા શોધખોળ શરુ કરાઈ છે.દિયોદરના ગોદા નજીક એક જ પરિવારના ૪ સભ્યોએ સામૂહિક આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે, કેનાલમાં કૂદીને ૪ સભ્યોએ આપઘાત કર્યો છે અને આપઘાત પાછળનું કારણ અકબંધ છે, દિયોદર પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે અને પરિવારના અન્ય સભ્યોના પણ નિવેદન લીધા છે, સ્થાનિક તરવૈયાઓ દ્વારા મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા છે અને પોલીસે પીએમ માટે મૃતદેહ ખસેડયો છે, પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે.જે પરિવારના સભ્યોએ આપઘાત કર્યો છે તેની પાછળનું સાચું કારણ હજી સામે આવ્યું નથી, પોલીસ આ મામલે તપાસ કરી છે, અને મૃતકોના મોબાઈલ ફોન પણ પોલીસે તપાસ માટે લીધા છે, આપઘાતને લઈ પોલીસ તપાસ કરશે ત્યારે સાચુ કારણ સામે આવશે.

આર્થિક સંકડામણને લઈ આપઘાત કર્યો હોઈ શકે છે તેવું પોલીસનું અનુમાન છે, ત્યારે પરિવારના અન્ય સભ્યોમાં પણ આક્રંદ જોવા મળ્યું છે. મૃતક પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી, પરંતુ અંતિમવિધી બાદ પોલીસ પરિવારના સભ્યોને ફરી બોલાવી તપાસનો ધમધમાટ કરશે તેવી માહિતી સૂત્રો તરફથી સામે આવી છે. ખોટું કર્યું તેની જાણ અન્યને થશે તેનો મોટો ડર હોય છે. શાળા-કોલેજોમાં બાળકો એકલતા અનુભવે છે. મને નોકરી નહીં મળે તો ? લગ્ન માટે વર કે કન્યા ન મળે ત્યારે યુવાધનને અસ્વીકાર્યતાનો ભય મોટો હોય છે. ભવિષ્ય માટે આવી ચિંતા માનસિક સ્ટ્રેસ ઊભો કરે છે.

મોટેભાગે અશાંત અને અપરાધી માનસિકતા ડ્રગ્સ અને ગુનાખોરી તરફ વાળે છે. જ્યારે સરળ અને મહેનતું યુવાનો છેતરાય છે અથવા કોઈ ષડ્યંત્રનો ભોગ બને કે તેને નિષ્ફળતા મળે ત્યારે તે આત્મહત્યાનો માર્ગ પસંદ કરે છે.

# આમ આદમી પાર્ટીમાં વધુ એક વિકેટ પડી : ચેતન રાવલે આમ આદમી પાર્ટીમાંથી આપ્યુ રાજીનામું : કોંગ્રેસમાં વાપસી જવાની અટકળો તેજ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હવે પક્ષ પલ્ટાની મોસમ શરૂ થઈ હોય તેવુ લાગી રહ્યુ છે. કોંગ્રેસમાંથી આમ આદમી પાર્ટીમાં જોડાયેલા વરીષ્ઠ નેતા ચેતન રાવલે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીને પોતાનુ રાજીનામુ આપ્યુ છે. રાજીનામા પાછળ તેમણે અંગત કારણો દર્શાવ્યા છે, આ ઘટના બાદ હવે તેઓ ફરીથી પોતાના જુના પક્ષ કોંગ્રેસમાં પરત ફરશે તેવી અટકળોએ જોર પકડયુ છે. જો કે ચેતન રાવલે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં પરત જવાની કોઈ સ્પષ્ટતા કરી ન હતી. ચેતન રાવલ ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી પ્રબોધ રાવલના પુત્ર છે, રાજકારણમાં તેમનો સારો એવો અનુભવ છે, તેઓ અમદાવાદ ની બે બેઠકો પરથી વિધાનસભાની ચુંટણી પણ લડી ચુકયા છે, વર્ષ ૨૦૨૨ ની ગુજરાત વિધાનસભા ચુંટણી અગાઉ તેમણે કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. તે સમયે તેમણે કોંગ્રેસ પર સંગઠનની અવગણના કરવાનો આરોપ મુકયો હતો અને કહ્યુ હતુ કે પક્ષની દિશા તેમની વિચારધારા સાથે સુસંગત નથી, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીને લખેલા રાજીનામા ના પત્રમાં ચેતન રાવલે સ્પષ્ટ લખ્યુ છે કે હું અંગત કારણોસર આમ આદમી પાર્ટીમાંથી તાત્કાલીક અસરથી રાજીનામુ આપુ છું. જો કે આ રાજીનામા બાદ રાજકીય વર્તુળોમાં તેમની કોંગ્રેસમાં ઘરવાપસીની ચર્ચાઓએ જોર પકડયુ છે. હવે આગામી દિવસોમાં ચેતન રાવલ શું નિર્ણય લે છે તે હવે જોવાનુ રહ્યું.



નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

'ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ' અંતર્ગત ૧.૧૦ લાખ જેટલા MSME એકમોના રજિસ્ટ્રેશન સાથે ગુજરાત દેશમાં અગ્રેસર

# રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે રૂ. ૮૬,૪૧૮ કરોડના મૂડી રોકાણ સાથે ૩.૯૮ લાખ કરતાં વધુ રોજગારીનું સર્જન

## રાજ્ય સરકાર દ્વારા ક્લસ્ટર વિકાસ-માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય યોજના હેઠળ ૧,૫૧૧ એકમોને કુલ રૂ. ૩૦ કરોડથી વધુનું ચૂકવણું

લઘુ ઉદ્યોગો એ રોજગારી સર્જન, ગરીબી નિવારણ અને ઔદ્યોગિક વિકાસમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે, એટલે કે લઘુ ઉદ્યોગો દેશના આર્થિક વિકાસનો પાયો છે. જે અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે તા. ૩૦ ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને યુવાઓને રોજગારીની વધુ તકો પૂરી પાડી આર્થિક રીતે સશક્ત બનાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના પરિણામે રાજ્યમાં વર્ષ ૨૦૨૧-૨૫થી એમ છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે રૂ. ૮૬,૪૧૮ કરોડનું મૂડી રોકાણ તેમજ ૩.૯૮ લાખ કરતાં વધુ રોજગારીનું સર્જન થયું છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ૧.૬૯ લાખ કરતાં વધુ ક્લેઈમ અરજીઓ સંદર્ભે રૂ. ૭,૩૦૦ કરોડથી વધુની સહાયનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે લઘુ ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ નીતિઓ, નાણાકીય સહાય, તાલીમ અને માર્કેટિંગ સપોર્ટ દ્વારા મજબૂત વાતાવરણ ઊભું કર્યું છે. જે અન્વયે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્ય ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં રૂ. ૪૨,૭૭૪ કરોડથી વધુના રોકાણ દ્વારા ૧.૬૫ લાખ કરતાં વધુ નવી રોજગારીનું સર્જન થયું છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ૨૧ હજાર કરતાં વધુ એકમોને રૂ. ૯૫૮ કરોડ જેટલી નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવી છે.

'ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ'- ZED અંતર્ગત રાજ્યના અંદાજે ૧.૧૦ લાખ જેટલા MSME એકમોનું રજિસ્ટ્રેશન અને ૬૬ હજાર કરતાં વધુ એકમોએ ZED પ્રમાણપત્ર મેળવતા ગુજરાતે દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ZED રજિસ્ટ્રેશન, સર્ટિફિકેશન તથા વાઈબ્રન્ટ ગુજરાત જેવી વિવિધ પહેલ થકી ગુજરાત દેશના MSME ક્ષેત્રે અગ્રેસર બન્યું છે. વધુમાં, રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન અંદાજે ૧૭.૩૯ લાખ ઉદ્યમ રજિસ્ટ્રેશનની નોંધણી થઈ છે, જેમાં ૨.૯૧ લાખ કરતાં વધુ મહિલા સાહસિકોની ભાગીદારી નોંધાઈ છે.

ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ સરકારી પહેલ:

રાજ્ય સરકાર દ્વારા ગત નાણાકીય વર્ષ દરમિયાન રૂ. ૨૭.૫૦ લાખની સહાય થકી અંદાજે કુલ ૨૩૮ સેમિનાર-વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા રાજ્યના હજારો ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ અને રોજગાર ઈચ્છુકોને પ્રેરણા મળી હતી.

રાજ્યમાં વિવિધ ક્ષેત્રના ક્લસ્ટર વિકાસ માટે રૂ. ૪.૫ કરોડ અને માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય યોજના હેઠળ ૧,૫૧૧ એકમોને રૂ. ૨૬.૩૮ કરોડ એમ કુલ રૂ. ૩૦ કરોડ કરતાં વધુનું ચૂકવણું રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. તદુપરાંત રાજ્યમાં વિલંબિત ચૂકવણીના કેસોના ઝડપથી નિકાલ માટે અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, વડોદરા અને કચ્છ એમ કુલ ૬ Regional MSEFC કાઉન્સિલની રચના પણ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૩માં રાજ્યના ૩૨ જિલ્લાઓમાં નાના સ્થાનિક કક્ષાના ઉદ્યોગોની ભાગીદારી અને વિકાસના ઉદ્દેશ્ય સાથે "વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ" મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં અંદાજે ૨.૭૦ લાખથી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો, જેમાં ૨,૬૦૦ થી વધારે એકમો દ્વારા MoU પણ કરવામાં આવ્યા હતા.

- જીગર બારોટ

રાજ્યકક્ષાની આ ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રી, વન મંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે ૨૪માં સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નું લોકાર્પણ કરાશે

# 'વન મહોત્સવ'-૨૦૨૫: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ખેડાના ગળતેશ્વર ખાતે '૭૬મો વન મહોત્સવ' યોજાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાનને વધુ સફળ બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ અભિયાનને વધુ વેગ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ્ હસ્તે તેમજ વન - પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રાજ્ય કક્ષાના વન - પર્યાવરણ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ખાસ ઉપસ્થિતિમાં ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સરનાલ ગામમાં આવેલા ગળતેશ્વર મહાદેવ મંદિર પાસે રાજ્યકક્ષાના '૭૬માં વન મહોત્સવ'ની આવતીકાલ તા. ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભવ્ય ઉજવણી કરાશે.

ખેડા જિલ્લાને વન વિભાગ દ્વારા સાંસ્કૃતિક વન તરીકે "ગળતેશ્વર વન"ની અનોખી ભેટ મળવા જઈ રહી છે ત્યારે મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે આ પ્રસંગે પાંચ હેક્ટર વિસ્તારમાં આકાર પામેલ ૨૪માં સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નો સવારે ૧૦ કલાકે લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. વધુમાં મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ લાભ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવશે. મહીસાગર નદી કિનારે નિર્માણધીન આ વનમાં ૩૦૦થી વધુ પ્રજાતિઓના વાવેતર થકી આ કોતર વિસ્તારમાં બાયોડાયવર્સિટીને સમૃદ્ધ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમ, વન અને પર્યાવરણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ગળતેશ્વર વનના મુખ્ય આકર્ષણો મધ્ય ગુજરાતમાં તૈયાર થયેલા રાજ્યના ૨૪માં સાંસ્કૃતિક "ગળતેશ્વર વન"માં નવા અભિગમ સાથે આ વનમાં આકર્ષક મુખ્ય દ્વાર, પ્રવેશ પરિસર, બિલિપત્ર વન, શિવલિંગ વન, શિવમૂર્તિ, ગઝેબો, બટરફ્લાય ગાર્ડન, બાળ ક્રિડાંગણ, માતૃવન, ચરોતર વિસ્તારના મહાનુભાવોને આવરી લેતું ચરોતર સંકુલ, ગળતેશ્વર ડાયરોમા, વોચ ટાવર, દુર્લભ પ્રજાતિના રોપાનું વાવેતર ધરાવતું નંદી વન, બામ્બુ મિસ્ટ ટનલ, પ્રાકૃતિક શિક્ષણ સ્થળ, મેઝ ગાર્ડન, ચેકડેમ, સારસ પંખી સ્કલ્પચર, આરોગ્ય વન, ચરક વન-પ્રતિમા, પીપળ, બેલ, આંબળા, વટ અને અશોક એમ પાંચ વૃક્ષ ધરાવતું પંચવટી વન, ગ્રહમાર્ગ કે સૂર્યમાર્ગ પર સ્થિત આવા એક કે તેથી વધુ તારાઓના ચોક્કસ અંતરે આવેલા જૂથોને ૨૭ ભાગમાં વિભાજીત કરીને "નક્ષત્રો" તરીકે નામ આપી ઓળખવામાં આવી છે તેવું નક્ષત્ર વન, પૌરાણિક શાસ્ત્રોમાં સમગ્ર નભોમંડળને ૧૨ રાશિઓમાં વિભાજીત કરવામાં આવી છે તેવું રાશી વન, નવગ્રહ વન, ફોટો પોઈન્ટ, ઉધઈના રાફડાનો ઉભો છેદ, મધમાખીનું જીવનચક્ર દર્શાવતું ફોટો પોઈન્ટ, ક્રોસિંગ બ્રિજ-રેલિંગ અને સુવિધાસભર કેન્ટીન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહેશે.

આ ઉપરાંત ગળતેશ્વર મહાદેવ પાસેથી પસાર થતી મહી બારમાસી નદી હોવાથી સમગ્ર પંથક હરિયાળો રહે છે. પ્રવાસીઓ માટે મહત્વ ધરાવતું આ વન તૈયાર થવાથી સ્થાનિક અર્થ તંત્રને વેગ મળતા




સ્થાનિક રોજગારીના નિર્માણની સાથે આ વિસ્તારમાં નાગરિકોનું જીવન ધોરણ વધુ ઉંચુ આવશે.

ગળતેશ્વરનું ધાર્મિક અને પૌરાણિક મહત્વ :

ગુજરાતના પૌરાણિક-ઐતિહાસિક પર્યટન અને ધાર્મિક સ્થળોમાં ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ગળતેશ્વરનું પણ અનેરૂ મહત્વ છે. સરનાલ ગામ પાસે મહિસાગર અને ગળતી નદીના સંગમ સ્થાને આ ધાર્મિક સ્થળ આવેલું છે. ગળતી નદી પરથી આ મંદિરનું નામ ગળતેશ્વર પડ્યું છે. સુપ્રસિદ્ધ ડાકોરના ઠાકોરજીના ધામથી માત્ર ૧૦ થી ૧૨ કિ.મી.ના અંતરે આવેલા આ ગળતેશ્વર મહાદેવ ખાતે વર્ષે અંદાજે ૨૫ લાખથી વધુ ભક્તો અને પર્યટકો આવતા હોય છે. ગળતેશ્વર મંદિર પુરાતત્વ ખાતા દ્વારા રાષ્ટ્રીય સ્મારક પણ જાહેર કરવામાં આવ્યું છે.

મહીસાગર નદી કિનારે આવેલ ગળતેશ્વર મહાદેવના દર્શાનાર્થે તથા મહીસાગર નદીમાં સ્નાન કરવા માટે દરરોજ અંદાજે ૭૦૦ થી ૧૨૦૦ દર્શનાર્થીઓ આવતા હોય છે. શિવરાત્રીના દિવસે આ સ્થળે ભવ્ય મેળો પણ ભરાય છે.

વન મહોત્સવનો ઈતિહાસ :

જયારે પર્યાવરણીય સમસ્યાઓથી ખાસ કોઈ જાગૃત ન હતું તે સમયે તત્કાલીન કૃષિ, વન અને સહકાર મંત્રી શ્રી અને ગુજરાતના લોકપ્રિય લેખક એવા સ્વ. શ્રી કનૈયાલાલ મુનશીએ આજથી અંદાજે ૭૬ વર્ષ પહેલાં રાજ્યમાં આણંદ ખાતે પ્રથમવાર વન મહોત્સવની ઉજવણી શરૂ કરી હતી. જે પ્રકૃતિ રક્ષાની ધરોહર સમા આ મહા-ઉત્સવ એવા વન મહોત્સવને આ વર્ષે ૭૬ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. ભારતની વિવિધ સંસ્કૃતિઓને ધ્યાનમાં રાખી કરવામાં આવેલા અદભૂત વૃક્ષ વાવેતરોના સંકલનને સાંસ્કૃતિક વનો તરીકે ઓળખવામાં આવે છે. પર્યાવરણ અને સંસ્કૃતિના અનોખા સમન્વય થકી વન મહોત્સવના કાર્યક્રમને જન જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં વર્ષ ૨૦૦૪માં સાંસ્કૃતિક વન નિર્માણની શરૂઆત થઈ હતી. વન મહોત્સવ અંતર્ગત રાજ્યમાં પ્રથમવાર ગાંધીનગરમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ અને સંસ્કૃતિ આધારિત સાંસ્કૃતિક 'પુનિત વન' સાકાર થયું. આ પહેલ બાદ દર વર્ષે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સાંસ્કૃતિક વનની હારમાળા શરૂ કરાઈ છે. જે પહેલ હેઠળ અત્યાર સુધીમાં રાજ્યમાં વિવિધ ૨૩ સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સાંસ્કૃતિક વનો આજે પર્યાવરણ રક્ષણ સાથે પ્રવાસન સ્થળ તરીકે પણ વિકાસ પામ્યા છે. આ વર્ષે ૭૬માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સાંસ્કૃતિક વનોની હારમાળામાં વધુ એક સાંસ્કૃતિક વન "ગળતેશ્વર વન"નું લોકાર્પણ કરવામાં આવશે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે.

- જનક દેસાઈ

# ભાવનગર રેલવે મંડળ પર "મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન શિબિર"નું આયોજન

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં રનિંગ સ્ટાફ તથા અન્ય વિભાગોના તમામ કર્મચારીઓ માટે "મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ ભાવનગર પરા ખાતે આવેલ કોમ્યુનિટી હોલમાં યોજાઈ હતી.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર આ શિબિર અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માની અધ્યક્ષતામાં પૂર્ણ થયું હતું. આ આયોજનની કામગીરી સ્થાપના વિભાગની વેલફેર ટીમ દ્વારા, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ



જગનના નેતૃત્વ અને તેમના માર્ગદર્શન હેઠળ, કર્મચારી હિત નિધિ (SBF)માંથી કરવામાં આવી હતી.

કાર્યક્રમનો પ્રારંભ અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા તથા હાજર મહેમાનો દ્વારા દીપ પ્રજ્વલનથી થયો. ત્યારબાદ "તણાવ મુક્ત જીવન" વિષય પર કાર્યશાળાનું આયોજન થયું. આ અવસરે બ્રહ્મકુમારી સંસ્થા, ભાવનગરના પ્રતિનિધિઓએ જીવનમાં માનસિક તણાવ દૂર કરવાની વિવિધ પદ્ધતિઓ સમજાવી તેમજ યોગ અને પ્રાણાયામને જીવનશૈલીનો ભાગ બનાવવાનો ભાર મૂક્યો.

અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં કર્મચારીઓને સકારાત્મક વિચારસરણી તથા સંતુલિત જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપ્યો. આ પ્રસંગે અધિકારીઓ સાથે ભાવનગર મંડળના લોકો પાઈલટ, ટ્રેન મેનેજર, ગુડ્સ ગાર્ડ સહિત મોટી સંખ્યામાં મહિલા અને પુરુષ કર્મચારીઓ હાજર રહ્યા.

હોસ્પિટલમાં કેડસમા પાણી દર્દીઓને હાલાકી

# સાબરકાંઠાના ઈડરમાં ભારે વરસાદે તબાહી મચાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

સાબરકાંઠાના ઈડરમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. ઈડરમાં ભારે વરસાદ બાદ તારાજી ના દ્રશ્યો સામે આવ્યા છે. ઈડરમાં ધોધમાર વરસાદને પગલે આત્મવલ્લભ હોસ્પિટલમાં પાણી ભરાયા. હોસ્પિટલમાં ઢીંચણસમા પાણી ભરાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. હોસ્પિટલમાં સારવાર માટે કેવી રીતે જવું તેને લઈને દર્દીઓ પરેશાન. વરસાદની આગાહી બાદ પણ તંત્ર દ્વારા કોઈ પગલા ના લેવાતા પાલિકા સહિત સ્ટેટ હાઈવે ઓથોરિટી સામે લોકોમાં રોષ જોવા મળ્યો.ઈડરમાં આ વિસ્તારમાં દર્દીઓને સુવિધા મળે માટે આત્મવલ્લભ હોસ્પિટલમાં માત્ર ૧ થી ૧૦૦ રૂપિયામાં ઓપરેશન કરવામાં આવે છે. હોસ્પિટલમાં કેડસમા પાણી ભરાતા અંતરિયાળ વિસ્તારના દર્દીઓને સારવાર વિના પાછા મોકલવા પડે છે. જયારે હાલમાં હોસ્પિટલમાં દાખલ ૧૫ કરતા વધુ દર્દીઓ પાણી ભરાવાના કારણે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ટ્રસ્ટ મંડળ દ્વારા આ મામલે અનેક વખત લેખિત મૌખિક રજૂઆતો કરવામાં આવી છતાં પરિણામ શૂન્ય. ટ્રસ્ટ મંડળની રજૂઆત સામે તંત્રનું સુસ્ત વલણ જોવા મળ્યું. પાલિકાની પ્રિમોન્સુન કામગીરી ઉડયા ધજાગરા. હોસ્પિટલ સંચાલકો આળસુ અધિકારીઓ પાસે પાણીના નિકાલ રજૂઆત કરી છે. ઈડરમાં સમી સાંજથી વરસી રહ્યો છે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. કુદરતનો પ્રકોપ અને તંત્રની બેદરકારી સામે જનતા લાચાર. તહેવારો અને ઉદ્ઘાટનોની ઉજવણીમાં મસ્ત તંત્ર કયારે સાંભળશે જનતાની પુકાર.

# અસારવા અને કાનપુર સેન્ટ્રલ વચ્ચે વિશેષ સાપ્તાહિક ટ્રેનનું સંચાલન

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, રેલ્વે વહીવટીતંત્રે અસારવા અને કાનપુર સેન્ટ્રલ વચ્ચે ખાસ ભાડા પર સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે:

● ટ્રેન નં. ૦૧૯૦૬/૦૧૯૦૫ અસારવા-કાનપુર સેન્ટ્રલ-અસારવા સાપ્તાહિક વિશેષ (૧૪ ફેરા)

ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૪ નવેમ્બર ૨૦૨૫ સુધી દર મંગળવારે ૦૯.૧૫ વાગ્યે અસારવાથી ઉપડશે અને બીજા દિવસે ૦૭.૦૦ વાગ્યે કાનપુર સેન્ટ્રલ પહોંચશે. આ રીતે, ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અસારવા સ્પેશિયલ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૦૩ નવેમ્બર ૨૦૨૫ સુધી દર સોમવારે કાનપુર સેન્ટ્રલથી ૦૮.૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૫.૪૫ વાગ્યે અસારવા પહોંચશે.

બંને દિશામાં, આ ટ્રેન હિંમતનગર, ડુંગરપુર, જાવર, ઉદયપુર સિટી, માવલી, ચંદેરિયા, માંડલગઢ, બુંદી, કેશોરાઈ પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના અને ફતેહપુર સીકરી, ઈદગાહ, ટુંડલા, ફિરોઝાબાદ અને ઈટાવા સ્ટેશન પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૧૯૦૬ નું બુકિંગ ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ થી બધા પીઆરએસ (PRS) કાઉન્ટરો અને આયઆરસીટીસી (IRCTC) વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે વડોદરા - કોલકાતા વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેન

મુસાફરોની સુવિધા માટે અને દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજાના અવસર પર વધતી મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વે વડોદરા-કોલકાતા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશલ ટ્રેનો ચલાવશે.

ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન નં. ૦૩૧૧૦/૦૩૧૦૯ વડોદરા - કોલકાતા સાપ્તાહિક વિશેષ ચ૧૮ ફેરા]

ટ્રેન નં. ૦૩૧૧૦ વડોદરા – કોલકાતા સ્પેશિયલ દરેક ગુરુવારે વડોદરાથી સાંજે ૧૬:૪૫ કલાકે પ્રસ્થાન કરશે અને શનિવારે ૦૪:૦૫ કલાકે કોલકાતા પહોંચશે.

આ ટ્રેન ૨ ઓક્ટોબરથી ૨૭ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. તેમજ, ટ્રેન નં. ૦૩૧૦૯ કોલકાતા – વડોદરા સ્પેશિયલ દરેક મંગળવારે કોલકાતા થી ૦૮:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૯:૪૫ કલાકે વડોદરા પહોંચશે. આ ટ્રેન ૩૦ સપ્ટેમ્બર થી ૨૫ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં ગોધરા, રતલામ, કોટા, ગંગાપુર સિટી, ઈદગાહ આગરા, ટુંડલા, ગોવિંદપુરિ, પ્રયાગરાજ, પં. દિનદયાળ ઉપાધ્યાય, સાસારામ, ગયા, તિલૈયા, નવાદા, શેખપુરા, કિયૂલ, ઝાઝા, જસીડીહ, મધુપુર, ચિત્તરંજન, આસનસોલ, દુર્ગાપુર તથા બર્ધમાન સ્ટેશનો પર સ્ટોપેજ હશે.

આ ટ્રેનમાં એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૩૧૧૦ નું બુકિંગ ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.


# હિંમતનગર ખાતે ભાજપનો વિધાનસભા શકિત કેન્દ્ર સંયોજક પ્રશિક્ષણ વર્ગ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા જિલ્લાના દરેક મંડલમાં શકિત કેન્દ્ર સંયોજકોનો પ્રશિક્ષણ વર્ગનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે વિધાનસભાનુ પ્રશિક્ષણ વર્ગ શહેરના જીઆઈડીસી હોલમાં રાખવામાં આવ્યુ હતું.

એક દિવસીય માટે યોજાયેલ વર્ગમાં પ્રદેશ ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુંવરબા પરમાર, પ્રદેશ કિસાન મોરચા પ્રમુખ હિતેશભાઈ પટેલ, પ્રશિક્ષણ કાર્યક્રમના વાલી ગુમાનસિંહ ચૌહાણ, દુષ્યંતભાઈ પંડયા, નૈનેશ શાહ, અશોક જોષી, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય વી ડી ઝાલા, જિલ્લા મહામંત્રી વિજય પંડયા, મહેન્દ્રસિંહ રહેવર, લોકેશભાઈ સોલંકી સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સત્રમાં વિવિધ વિષયો શકિત કેન્દ્ર સંરચના સંકલ્પના તથા ભુમિકા અને બુથમાં કરવાના કાર્યક્રમો, ચુંટણીમાં શકિત કેન્દ્ર સંયોજકની ભુમિકા, ભાજપા ઈતિહાસ, વિકાસ, વિચાર પરીવાર તથા અનુશાસન, સરલ એપ , નમો એપ, વિવિધ પ્રશ્નોત્તરી અને સમાધાન, જન પ્રતિનિધિ અને સરકારી અધિકારી સાથે સંપર્ક વિગેરે વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. જેમાં વકતા તરીકે સંજયભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, પ્રેમલ દેસાઈ, સુધીર પટેલ, યોગેશ રાવલે માર્ગદર્શન આપ્યુ હતું. મંડલ પ્રમુખ કુલદીપ પાઠક અને હિતેન્દ્ર પટેલ સત્રમાં અધ્યક્ષ તરીકે હાજર રહ્યા હતા.



# ભાજપના પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયા, આઈપીએસ અને પીઆઈ સહિત ૧૪ ને જન્મટીપ : શૈલેષ ભટ્ટ સામે પણ અપહરણ અને પૈસા પડાવવાનો આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર

૭ વરસ અગાઉ ૨૦૧૮ ના ચકચારી બીટકોઈન ખંડણી કેસમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયા, અમરેલીના તત્કાલીન પોલીસવડા જગદીશ પટેલ, પોલીસ ઈન્સ્પેકટર અનંત પટેલ સહિત ૧૪ આરોપીઓને દોષીત ઠરાવીને આજીવન કેદ ની સજા ફટકારતા સનસનાટી મચી જવા પામી છે. ૧૫ માં થી ૧ આરોપીને નિર્દોષ છોડી મુકવામાં આવ્યો હતો. રાજકારણી તથા પોલીસ વચ્ચેની સાંઠગાંઠના ખુલાસારૂપ આ બનાવમાં અમદાવાદ સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટને એસીબી વિશેષ અદાલતે ચુકાદો આપ્યો હતો.




આ કેસ મુજબ વર્ષ ૨૦૧૮ માં બિલ્ડર શૈલેષ ભટ્ટનુ પોલીસ ઈન્સ્પેકટર અનંત પટેલની ટીમે અપહરણ કર્યુ હતુ, અને તેને ગાંધીનગર નજીક લઈ જઈને તેની પાસેથી ૯ કરોડ રૂપીયાની કિંમતના ૧૭૬ બીટકોઈન ટ્રાન્સફર કરાવ્યા હતા ત્યારબાદ શૈલેષ ભટ્ટ અપહરણ કરનાર પોલીસ ટીમ તથા પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયા વિરૂધ્ધ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચમાં ફરીયાદ નોંધાવી હતી. શૈલેષ ભટ્ટ ની અરજી ઉપર ઉચ્ચ પોલીસ અધિકારી અને સીબીઆઈ ઈન્સ્પેકટર સામે ખંડણીની ફરીયાદ નોંધાઈ હતી. શૈલેષ ભટ્ટ ઉપર આક્ષેપ મુકાયો હતો કે તેણે ૨૨૫૭ બીટકોઈન , લાઈટકોઈન અને ૧૪.૫ કરોડ રૂપીયા વાપર્યા છે અથવા સંતાડયા છે. શૈલેષ ભટ્ટે બીટ કનેકટ કંપનીના હોદ્દેદારો અને કર્મચારીઓને કીડનેપ કરીને ૨૦૨૧ બીટકોઈન, ૧૧ હજાર લાઈટકોઈન અને ૧૪.૫ કરોડ રૂપીયાની ખંડણી મેળવી હતી, શૈલેષ ભટ્ટે બીટ કનેકટ કંપનીમાં આશરે ૧.૧૪ કરોડ રૂપીયા ડુબી જતા તેને પ્લાન બનાવીને કંપનીના હોદ્દેદારો અને કર્મચારીઓનુ અપહરણ કરીને બીટકોઈન, લાઈટકોઈન તેમજ રોકડા રૂપીય પળાવ્યા હતા. શૈલેષ ભટ્ટે તે સમયના અમરેલીના એસપી જગદીશ પટેલ અને કેટલાક પોલીસ ઓફીસરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી જેમાં તેમણે જણાવ્યુ હતુ કે તેને કીડનેપ કરીને તેની પાસેથી ૧૭૬ બીટકોઈન પડાવી લેવામાં આવ્યા હતા. શૈલેષ ભટ્ટે બીજી ફરીયાદ સીબીઆઈના પોલીસ ઈન્સ્પેકટર સુનીલકુમાર વિરૂધ્ધ કરી હતી જેને અરજદારને ઈડી અને આયકર વિભાગની બીક બતાવીને ૧૦ કરોડ રૂપીયાની લાંચ માગી હતી. જેની ડીલ ૫ કરોડમાં નકકી થઈ હતી અને ૪.૬૦ કરોડ રૂપીયા ચુકવવામાં આવ્યા હતા. શૈલેષ ભટ્ટે બીટકોઈન ખરીદ્યા બાદ અમરેલી જિલ્લાના ધારીના પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાને આ વાતની જાણ થઈ અને તેણે શૈલેષ ભટ્ટ પાસેથી મોટી રકમ પડાવી લેવા માટે એક પ્લાન ઘડી કાઢયો અને અમરેલીના તત્કાલીન એસપી ના સાથે હાથ મીલાવ્યો હતો અને આખો મામલો બહાર આવ્યો, ત્યારબાદ કોટડીયાની ધરપકડ થઈ હતી.

આ સમગ્ર ઘટના અગાઉ શૈલેષ ભટ્ટ સામે પણ અપહરણ અને પૈસા પડાવી લેવાનો આરોપ હતો. હકીકતમાં નોટબંધી બાદ સુરતની બીટ કનેકટ નામની કંપનીએ લોકોને ક્રિપ્ટો કરન્સી માં રોકાણ કરાવવાનુ શરૂ કર્યુ હતુ જેમાં બિલ્ડર શૈલેષ ભટ્ટે પણ પોતાની કમાણીના પૈસા રોકયા હતા. પરંતુ કંપનીને તાળા વાગી જતા તેના બધા પૈસા ડુબી ગયા હતા જેના કારણે શૈલેષ ભટ્ટે પોતાના મળતીયાઓને સાથે રાખી બીટ કનેકટ કંપનીના કર્મચારી અને હોદ્દેદારોનુ અપહરણ કરી તેમની પાસેથી ૨ હજારથી વધુ બીટકોઈન, ૧૧ હજાર થી વધુ લાઈટ કોઈન અને કરોડો રૂપીયા પડાવી લીધા હતા. ત્યારબાદ પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાને આ વાતની જાણ થતા તેમણે શૈલેષ ભટ્ટ પાસેથી મોટી રકમ પડાવી લેવા પ્લાન ઘડયો અને અમરેલીના તત્કાલીન એસપી સાથે સંડોવણી કરી શૈલેષ ભટ્ટ નુ અપહરણ કરાવ્યુ ત્યારબાદ શૈલેષ ભટ્ટ પાસેથી કરોડો રૂપીયા પડાવી લેવામાં આવ્યા હતા.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના બે દિવસીય પ્રવાસે : કેન્દ્રીય ગૃહમંત્રી કેટલાક કાર્યક્રમોમાં રહેશે હાજર

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે. અમદાવાદમાં અમિત શાહ લાલ દરવાજા પાસે આવેલા ભદ્રકાળી મંદિરે આવી દર્શન કરશે. ત્યારબાદ નવનિર્મિત સરદારબાગનુ લોકાર્પણ કરશે. અમિત શાહ પોતાના લોકસભા વિસ્તારમાં જુદા જુદા વિકાસ કામોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત પણ કરશે. તો બીજી તરફ જિલ્લાના આરોગ્ય હેલ્થ સેન્ટરની પણ અમિત શાહ મુલાકાત લેવાના છે. વડાપ્રધાન મોદી બાદ અમિત શાહની ગુજરાત મુલાકાત મહત્વની માનવામાં આવી રહી છે. કારણ કે નજીકના



દિવસોમાં પ્રદેશ પ્રમુખની નિમણુંક તેમજ મંત્રી મંડળના વિસ્તરણને લઈ ચર્ચાએ જોર પકડયુ છે. અમિત શાહ ગાંધીનગરમાં આવેલા જૈન આચાર્ય પ્રેક્ષા વિશ્વભારતીના દર્શને જશે. જયાં તેઓ જુદી જુદી જગ્યાએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં પણ હાજર રહેશે.

### ૨૦૦ રૂપીયાના હોર્ડિંગ્સે રાજકારણ ગરમાવ્યું ચીફ ઓફીસર હિરલ ઠાકરે કિરીટ પટેલ પર કર્યા આકરા પ્રહાર

# પાટણ નગરપાલિકા હોર્ડિંગ્સ મામલે વિવાદ: ચીફ ઓફીસર-ધારાસભ્ય આમને સામને

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણ નગરપાલિકામાં ધારાસભ્ય કિરીટ પટેલના જન્મ દિવસના ઉજવણી માટે લગાવેલા હોર્ડિંગ્સ નો મામલો ગરમાયો છે. નગરપાલિકાના ચીફ ઓફીસર હિરલ ઠાકર અને ધારાસભ્ય કિરીટ પટેલ હોર્ડિંગ્સ મામલે આમને સામને આવી ગયા છે. હિરલ ઠાકરે આકરા શબ્દોમાં પ્રહારો કરતા કહ્યુ કે ૨૦૦ રૂપીયાના હોર્ડિંગ્સ બચાવવા ધારાસભ્ય અને તેમના ૨૦૦ કાર્યકર્તાઓએ રાત્રે ૧૨ વાગ્યા સુધી ચોકીદાર બનીને હાજર રહેવુ પડયું. આ પાટણ નગરપાલિકાની જીત છે. પાટણ નગરપાલિકા



વિસ્તારમાં ધારાસભ્ય કિરીટ પટેલના જન્મ દિવસની ઉજવણી માટે લગાવવામાં આવેલા હોર્ડિંગ્સને ચીફ ઓફીસર હિરલ ઠાકરે ગેરકાયદેસર ગણાવીને દુર કરવાની ચીમકી આપી હતી. જેના જવાબમાં કિરીટ પટેલ અને તેમના સમર્થકોએ હોર્ડિંગ્સ બચાવવા માટે ઘટનાસ્થળે ભેગા થઈને વિરોધ દર્શાવ્યો હતો. હિરલ ઠાકરે આ હરકતને ગુંડાગીર્દી ગણાવી અને આડકતરી રીતે ધારાસભ્ય કિરીટ પટેલ અને તેમની ટીમને ગુંડાગીર્દી કરનારા તરીકે ઓળખાવ્યા હતા. વધુમાં તેમણે કહ્યુ કે જો કોઈ ગુંડાગીર્દી કરનારા એમ માને છે કે તેમની જીત થઈ તો તે તેમનો વહેમ છે. નગરપાલિકા વિસ્તારમાં આવી ગુંડાગીર્દી ચલાવવામાં નહી આવે, આ નિવેદનથી રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. હવે આ મુદ્દે નગરપાલિકાના વહિવટ અને રાજકારણ વચ્ચેના ઘર્ષણનુ પ્રતિક બની ગયો છે. આ વિવાદ પાટણ નગરપાલિકાના વહિવટી અધિકારીઓ અને ચુંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેના ચાલી રહેલા તણાવનો એક ભાગ છે. અગાઉ પણ નગરપાલિકાના પ્રમુખ હિરલ પરમાર અને ચીફ ઓફીસર હિરલ ઠાકર વચ્ચે સંકલનનો અભાવ હોવાની ફરીયાદો ઉઠી હતી. પરમારે ચીફ ઓફીસરની કામગીરી અંગે મુખ્યમંત્રીને પત્ર લખીને ફરીયાદ કરી હોવાનુ પણ જાણવા મળી રહ્યુ છે. હોર્ડિંગ્સ નો આ મુદ્દો આ તણાવને વધુ ઉગ્ર બનાવે તેવુ લાગી રહ્યુ છે. ચીફ ઓફીસર હિરલ ઠાકરે સ્પષ્ટ કહ્યુ છે કે નગરપાલિકા વિસ્તારમાં ગેરકાયદેસર હોર્ડિંગ્સ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ મામલે ધારાસભ્ય કિરીટ પટેલ કે તેમની ટીમ તરફથી હજુ સુધી કોઈ નિવેદન સત્તાવાર રીતે આવ્યુ નથી. જો નગરપાલિકા આગળ કાર્યવાહી કરે તો આ મુદ્દો કાયદાકીય વિવાદમાં પરીણમી શકે છે.

# ભાજપની ચૈતર વસાવાને ખુલ્લી ઓફર: ભાજપમાં જોડાવો નહીતર જેલમાં રહો

પ્રતિનિધિ,ગાંધીનગર

ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે, કારણ કે તેમની જામીન અરજી પર સુનાવણી થઈ શકતી નથી,

ભાજપના તાલુકા પ્રમુખ સંજય વસાવા સાથે થયેલી ઉગ્ર બોલાચાલી બાદ તેમના પર મારામારીનો આરોપ હતો અને આ કારણ થી તેઓ છેલ્લા કેટલાય સમયથી જેલમાં છે, તેમની જામીન મંજુરી સુનાવણી પણ અટકી ગઈ છે. કારણ કે હાઈકોર્ટના વકીલોની હડતાળ તેમને નડી રહી છે. ત્યારે ચૈતર વસાવાને જામીન ન મળતા આમ આદમી પાર્ટીના નેતાઓ ભાજપ સામે ભડકી ઉઠયા છે. આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવાને જામીન ન મળતા આદિવાસી સમાજ અને આમ આદમી પાર્ટી હવે ઉગ્ર વિરોધ કરી રહી છે, ચૈતર વસાવાને મામલે ફરીવાર રાજકારણ ગરમાયુ છે. લોકો કહી રહ્યા છે કે ચૈતર વસાવાને ખોટા કેસમાં ફસાવીને જેલમાં રાખવાનુ ભાજપે ષડયંત્ર રચ્યુ છે. હવે લોકો એ પણ કહી રહ્યા છે કે ભાજપની તાનાશાહી સામે ચૈતર વસાવા સાથે આખુ ગુજરાત ઉભુ છે. આમ આદમી પાર્ટી તેમની જામીન માટે તનતોડ પ્રયાસ કરી રહી છે છતાં જામીન ન મળતા હવે પાર્ટીએ સરકારનો વિરોધ શરૂ કર્યો છે. હવે પાર્ટીએ ભાજપને ચારેય બાજુથી ઘેરી લીધી છે અને આકરા આક્ષેપો કરી રહી છે. તેમનુ કહેવુ છે કે ભાજપ ચૈતર વસાવાને



જાણી જોઈને ખોટી રીતે હેરાન કરે છે કારણ કે સરકાર વિરૂધ્ધ અવાજ ઉઠાવતા હોવાને કારણે ચૈતર વસાવાનો અવાજ સરકાર દબાવી દેવા માંગે છે જેથી ભવિષ્યમાં કોઈ તેમના પર અવાજ ના ઉઠાવે અને સરકાર સામે સવાલો ન ઉભા કરે,

ભાજપનો વિરોધ કરતા ઈસુદાન ગઢવીએ કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને વધુમાં વધુ સમય જેલમાં રાખવા માટે ભાજપે ષડયંત્ર રચ્યુ હોય તેવુ લાગે છે. કારણ કે જે ગ્લાસ કોઈને વાગ્યો નથી, એ ગ્લાસ ફેંકવાના ગુન્હામાં ચૈતર વસાવા પર અનેક કલમો લગાડી દેવામાં આવી છે અને ચૈતર વસાવાને જેલમાં બંધ કરી દેવામાં આવ્યા છે.

ચૈતર વસાવાને જેલમાં પુરી રાખવા પાછળ ભાજપનો ઈરાદો સાફ સમજાય છે. ભાજપ આદિવાસી સમાજને મેસેજ આપવા માંગે છે કે ધારાસભ્ય હોવા છતાં ચૈતર વસાવાને જેલમાં પુરી શકીએ છીએ તો કોઈપણ વ્યકિત અવાજ ઉઠાવશે તેને પણ જેલમાં પુરી દઈશુ, વધુમાં તેમણે કહ્યુ કે આમ કરી ભાજપ તેમને ડરાવવા માંગે છે, તેમને ખબર નથી કે આદિવાસી સમાજ અને આમ આદમી પાર્ટીને ભાજપનો કોઈ ડર નથી. આદિવાસી સમાજે અંગ્રેજોને ભગાડયા હતા, ભાજપની શું હેસિયત ? તમે ચૈતર વસાવાને ૨૦-૨૫ દિવસ જેલમાં રાખી શકો છો પરંતુ એના બદલામાં આદિવાસી સમાજ ભાજપને પોતાના ગામમાં પણ ઘુસવા નહી દે કારણ કે આદિવાસી સમાજના એક એક યુવાન આ વાત ખુણે ખુણે પહોંચાડે કે કઈ રીતે ભાજપ ધારાસભ્ય ચૈતર વસાવાને વધુમાં વધુ દિવસ જેલમાં પુરી રાખવા માંગે છે. વધુમાં તેમણે કહ્યુ કે હત્યારાઓ અને બળાત્કારીઓ જેલની બહાર આવી જાય છે પરંતુ લોકો માટે અવાજ ઉઠાવનાર ધારાસભ્ય ચૈતર વસાવાને જેલમાં પુરી રાખવામાં આવ્યા છે. આ વાતનો જવાબ આદિવાસી સમાજ આગામી ચુંટણીઓમાં ભાજપને આપશે, આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવા આદિવાસી સમાજ અને ગરીબોનો વંચિતોનો અવાજ છે. જેને અટકાવવો એટલો સહેલો નથી.

# ગ્રીષ્મા હત્યાને તાજી કરે તેવી ચકચારી ઘટના : પ્રેમ કરવાની ના પાડતા યુવકે યુવતીનુ ગળુ કાપી નાખ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભુજમાં પણ સુરત ગ્રીષ્મા હત્યા કેસ જેવી ચોંકાવનારી ઘટના બની છે, ભુજના એરપોર્ટ રોડ પર યુવતીએ પ્રેમ સંબંધ રાખવાનો ઈન્કાર કરતા ઉશ્કેરાયેલા યુવકે યુવતીનુ ગળુ કાપી નાંખીને તેની હત્યા કરી નાંખી છે,




ભુજ શહેરમાં હૃદય કંપાવી દેનારી ઘટના બનવા પામી છે, એરપોર્ટ રોડ પર આવેલ સંસ્કાર કોલેજમાં બીસીએ ના પ્રથમ વરસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સાક્ષી ભાનુશાળી એ તેના પાડોશમાં રહેતા મોહિત મુળજી સિધ્ધપુરા નામના યુવક સાથે પ્રેમ સંબંધ રાખવાનો ઈન્કાર કરતા યુવકે છરી વડે યુવતીનુ ગળુ કાપી મોતને ઘાટ ઉતારી દીધી છે. આરોપી મોહિત મુળજીભાઈ સિધ્ધપુરા ગાંધીધામમાં યુવતીના પાડોશમાં રહેતો હતો, યુવક અને યુવતી બંને પ્રેમ સંબંધમાં હતા, તાજેતરમાં યુવતી તરફથી સંબંધ તોડી ભુજમાં રહીને અભ્યાસ ચાલુ કર્યો હતો, મોહિતે ગઈકાલે ગુરૂવારે સાક્ષીને ફોન કરી ને ભણવાનુ છોડી દઈને ગાંધીધામ પરત આવી જવા દબાણ કર્યુ હતુ, યુવતીએ આ સમગ્ર બાબત તેની માતાને જણાવી હતી, ત્યારબાદ યુવતીએ મોહિત સાથે સંપર્ક તોડી નાંખ્યો હતો અને તેનો નંબર પણ બ્લોક કરી દીધો હતો, નારાજ થયેલો મોહિત અને તેનો મિત્ર જયેશ ઠાકોર બાઈક લઈને ભુજ યુવતીને મળવા માટે આવ્યા હતા, તે દરમિયાન સાક્ષી અને મોહિત વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી ત્યારબાદ મોહિતે ઉશ્કેરાઈ જઈ સાક્ષી પર છરી વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ભુજની જી કે જનરલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા, ગઈ કાલે ગુરૂવારે મોડી રાત્રે યુવતીનુ મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો.

પશ્ચિમ કચ્છ પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને ગણતરીના કલાકોમાં જ પોલીસે આરોપી મોહિતને ઝડપી લીધો હતો, હાલ પોલીસે આરોપી મોહિતના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ બનાવને લઈને વિદ્યાર્થી સંગઠનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદ અને એનએસયુઆઈએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલી તમામ શૈક્ષણિક સંકુલમાં સીકયુરીટી વધારવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે. સાથે જ આરોપી વિરૂધ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# પાટણમાં ચીફ ઓફીસર વિરૂધ્ધ કોંગ્રેસનો ઉગ્ર વિરોધઃ પુતળા દહન કરી માફીની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણ નગરપાલિકાના મહિલા ચીફ ઓફીસર અને ધારાસભ્ય કિરીટ પટેલ વચ્ચેના વિવાદે નવુ સ્વરૂપ ધારણ કર્યુ છે. ગઈ કાલે પાટણ શહેરમાં ધારાસભ્ય કિરીટ પટેલનુ બેનર હટાવવાને લઈને વિવાદ ઉભો થયો હતો. શહેર કોંગ્રેસ પ્રમુખ દિપક પટેલે આરોપ મુકયો હતો કે ચીફ ઓફીસર સ્થળ પર આવી બેનર ફાડી નાખ્યું અને કોંગ્રેસના કાર્યકરો તથા આગેવાનોને ગુંડા કહી અપમાનીત કર્યા હતા, આ ઘટનાના વિરોધમાં આજે શુક્રવારે પાટણ



શહેર કોંગ્રેસ દ્વારા બગવાડા દરવાજા પાસે ચીફ ઓફીસર વિરૂધ્ધ વિરોધ પ્રદર્શન યોજાયુ હતું. આ દરમિયાન ચીફ ઓફીસરના પુતળાનુ દહન કરી ચીફ ઓફીસર હાય હાય, હાય રે ભાજપ હાય હાય, અને ચીફ ઓફીસર હટાવો પાટણ બચાવો, જેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. દિપક પટેલે ચેતવણી આપી છે કે જો ચીફ ઓફીસર ધારાસભ્ય તથા કોંગ્રેસ કાર્યકરોને ગુંડા કહ્યા બદલ જાહેરમાં આવી માફી નહી માગે તો આગામી સમયમાં કોંગ્રેસ વધુ ઉગ્ર આંદોલન કરશે , તેઓએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે ચીફ ઓફીસર ભાજપના ઈશારે કામ કરી રહ્યા છે અને પાટણના મુખ્ય પ્રશ્નો જેવા કે ભુગર્ભ ગટર યોજનાના કામ, ગંદકી અને પાણીની સમસ્યાઓ સામે નિષ્ક્રિય રહ્યા છે.

# સુરતની પાટીદાર શિક્ષિકા અને સગીરની ચેટીંગમાં ઘણુ બધુ બહાર આવ્યું: શારીરીક સંબંધો: ગર્ભપાતને લઈ આવ્યો નવો વળાંક

### મેઈલમાં એક બીજા માટે ઘણુ બધુ લખ્યુ હોવાનુ બહાર આવ્યું : પાટીદાર યુવતીએ ગત ૧૩ જુલાઈએ કર્યો હતો આપઘાત

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતની પાટીદાર શિક્ષિકા આપઘાત કેસમાં કિશોરની જામીન અરજી દરમિયાન મોટો ખુલાસો બહાર આવ્યો છે. ૩ હજાર પાનાના એફએસએલ રીપોર્ટમાં ખુલાસો બહાર આવ્યો છે કે પીડીતાને ગર્ભ પણ હતો , એટલુ જ નહી સગીર અને પાટીદાર શિક્ષિકા વચ્ચેની જીમેઈલ ચેટીંગ પણ બહાર આવી છે, જેમાં બંને વચ્ચેના શારીરીક સંબંધો અને ગર્ભપાત વિશેની વાતો બહાર આવી છે,

થોડા સમય અગાઉ સુરતની ૧૯ વર્ષીય શિક્ષિકાએ એક કિશોરના ત્રાસથી આપઘાત કરી લીધો હતો, ત્યારબાદ કિશોર અને તેના પિતાની ધરપકડ કરવામાં આવી હતી. કિશોરને જુવેનાઈલ હોમમાં મોકલાયો હતો, તો પિતાને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા, તો બીજી તરફ કોર્ટે બંનેની જામીન અરજી નકારી કાઢી હતી, તેથી કિશોરે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી, પોલીસે આપઘાત કરી લેનાર શિક્ષિકાના મોબાઈલ ફોન એફએસએલમાં મોકલ્યા હતા, તેનો ૩ હજાર પાનાનો રીપોર્ટ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. કિશોર અને પીડીતા વચ્ચે જીમેઈલ મારફત જે ચેટીંગ બહાર આવી હતી તેમાં પીડીતા સાથે શારીરીક સંબંધ અને ગર્ભપાત અંગેની પણ ચેટીંગ હતી, પોલીસે શિક્ષિકાનો મોબાઈલ એફએસએલમાં મોકલ્યો હતો. સીંગણપોર પોલીસે એફએસએલએ આપેલા રીપોર્ટનુ એનાલીસીસ કર્યુ હતું. આ રીપોર્ટના એનાલીસીસ બાદ ઘણી અન્ય બાબતો પણ બહાર આવી છે. જેમાં સગીર અને શિક્ષિકા વચ્ચે જીમેઈલ મારફત બંને વચ્ચે જે ચેટીંગ થઈ છે તેનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. પીડીતા સાથે શારીરીક સંબંધ અને ગર્ભપાત અંગેની ચેટીંગ પણ હતી. એફએસએલ




રીપોર્ટમાં મૃતક દ્વારા આરોપી સગીરને કરવામાં આવેલા મેઈલનો પણ ઉલ્લેખ છે. મોટા પ્રમાણમાં ૨૦૨૪ માં મૃતક દ્વારા આરોપી સગીરને મેઈલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શરીર સંબંધ બાંધ્યાનો અને બે વાર ગર્ભપાત કરાવવાની સાથે મૃતક પાટીદાર શિક્ષિકાને નશીલા પદાર્થો પણ આપવામાં આવતો હોવાનુ બહાર આવ્યુ છે.

મૃતકે સગીર આરોપીને ૧૪ નવેમ્બર ૨૦૨૦ સાંજે ૬ વાગ્યાની આસપાસ એક મેઈલ કર્યો છે જેમાં મૃતકે સગીર આરોપીને જણાવ્યુ છે કે એક વાત તો ભુલી જ ગઈ કે જે બે વાર પાપ કર્યુ છે ને એ બંનેને નડશે, હું તો જઈશ પણ તમને એ પણ નડશે, બીજા એક મેઈલમાં જણાવ્યુ છે કે પછી યાદ છે ઓલા દિવસ ફાર્મમાં ગયા ને બહુ મોટો ઝઘડો થઈ ગયો, તમને થોડોક મારા પર ઘુસ્સો આવી ગયો અને તમે મારૂ ગળુ દબાવી દીધુ હતુ, અન્ય એક મેઈલમાં લખ્યુ છે કે ખબર છે તમે પરાણે સુટ્ટો મરાવતા હતા ,

આ મુદ્દાના આધારે મુળ ફરીયાદીના એડવોકેટ કિશોર વિરૂધ્ધ બળાત્કાર અને ગર્ભપાત કરાવવાની કલમોનો ઉમેરો કરવા જણાવ્યુ હતું અને પોલીસ આ દિશામાં વધુ તપાસ કરે એવી દલીલ પણ કરાઈ હતી. દલીલ કરતા તેમણે કહયુ હતુ કે કિશોર ને જામીન મળે તો પુરાવા સાથે છેડછાડ કરી શકે છે, દલીલ હવે આ કેસની આગામી સુનાવણી ૧ સપ્ટેમ્બરના રોજ થશે.

સુરતના સીંગણપોર વિસ્તારમાં ૧૯ વર્ષીય નેનુ રણજીતભાઈ વાવડીયા નામની પાટીદાર યુવતીએ ૧૩ જુલાઈના રોજ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. વાવડીયા પરીવારની એકની એક દિકરીના અકાળે અવસાનથી પરીવાર શોક મગ્ન બન્યો છે. આ મામલે સીંગણપોર પોલીસે યુવતીને હેરાન કરનારા પિતા પુત્ર વિરૂધ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નેનુ ના પિતાએ પોલીસને જણાવ્યુ હતુ કે તેમની દિકરી છેલ્લા ૬ મહિનાથી એક યુવક દ્વારા હેરાન થઈ રહી હતી, તેમણે આ બાબતે યુવકના પિતાને પણ જાણ કરી હતી. છેલ્લા બે દિવસથી નેનુ ખુબ જ ડીપ્રેશનમાં હતી જેના કારણે તેણે આ આત્મઘાતી પગલુ ભર્યુ હોવાનુ મનાય છે. આ ઘટના બાદ સીંગણપોર પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરતા આરોપી પિતા પુત્ર વિરૂધ્ધ ગુન્હો નોંધી ફરીયાદ દાખલ કરી હતી.

# અમદાવાદ ખાતે આવતી કાલે રવિવારે વોટ ચોર ગાદી છોડ મુદ્દે જંગી વોટર અધિકાર જનસભાનુ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત કોંગ્રેસ સમિતિ દ્વારા અમદાવાદ ખાતેના કાર્યક્રમના અનુસંધાને આજે શુક્રવારે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ શહેરના સરદાર બાગ અતિથી ગૃહ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં સમગ્ર દેશમાં જયારે વોટ ચોર ગાદી છોડ ના મુદ્દે રાહુલ ગાંધીને વ્યાપક જનસમર્થન મળી રહ્યુ છે. ત્યારે આગામી ૩૧ ને રવિવારના રોજ બપોરના ૩ કલાકે અમદાવાદ ખાતે વોટ ચોર ગાદી છોડ મુદ્દ જંગી વોટર અધિકાર જનસભાનુ આયોજન કરવામાં આવ્યુ છે.



જેમાં ગુજરાતમાંથી દરેક તાલુકા અને જિલ્લાઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી વધુમાં વધુ સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો તેમજ જાગૃત નાગરીકો જોડાય જેને લઈ દરેક તાલુકા અને જિલ્લા મથકે દરેક વોર્ડ માં પ્રજાને એકઠી કરવા માટે કામગીરી ચાલી રહી છે. ત્યારે રાજકોટ શહેર ના વોર્ડ નં. ૧ થી ૧૮ ના તમામ કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો આ વોટર અધિકાર જનસભામાં જોડાય તે માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આયોજીત પ્રેસ કોન્ફરન્સ માં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા, હિતેશભાઈ વોરા, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ, મહેશભાઈ રાજપુત, વશરામભાઈ સાગઠીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.